ક્રમાંક : જીઆઈડીસી/કા.નિ.(વસુલાત)/ ૦૫
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર
તારીખ : ૨૮–૦૧–૨૦૧૬

# : : પ રિ પ ત્ર : :

**વિષય :– કબજો પરત આપવા (રીસ્ટોરેશન) ની નીતિ અમલમાં લાવવા બાબત**

જુદા જુદા એસોસીએશનો દ્વારા કરવામાં આવેલ રજુઆતો અને તે આધારે થયેલ વિષદ ચર્ચાના આધારે ધ્યાને આવેલ હતું કે, એવી મિલ્કતો કે જે નિગમ દ્વારા જી.પી.પી.એકટ–૧૯૭૨ હેઠળ વણવપરાશી / વસુલાત રાહે પરત મેળવવામાં આવેલ હોય તેવી મિલ્કતોના મૂળ ફાળવણીદારો દ્વારા પુન : પરત મેળવવા અનેક રજુઆતો થયેલ છે. આવી મિલ્કતો ફાળવણી માટે નિગમ પાસે ઉપલબ્ધ હોય તો તેવી મિલ્કતો પરત સોંપવા ચોકકસ નીતિ અમલમાં લાવવા નિગમના નિયામક મંડળ સમક્ષ મુકી યોગ્ય ઠરાવ કરવું આવશ્યક હતું.

કબજો પરત આપવાની (રીસ્ટોરેશન) ની નીતિ નકકી કરવા બાબતે તા.૧–૧–૨૦૧૬ ના રોજ મળેલ નિગમની ૪૮૬ ની સભામાં કાર્યસૂચિ ક્રમાંક : ૧૭/ વસુલાત/૪૮૬ થી રજુ કરવામાં આવેલ કાર્યસુચિ અનુસંધાને ઠરાવ ક્રમાંક : ૧૪/વસુલાત /૪૮૬/૨૦૧૬ થી કબજો પરત આપવા (રીસ્ટોરેશન) ની નીતિ અન્વયે નીચે મુજબની સ્કીમ જાહેર કરવામાં આવે છે.

**<u>અરજી કરવાની પાત્રતા :</u>**

(૧) જે ફાળવણીદારોની મિલ્કત વસુલાત/ વણવપરાશી રાહે નિગમે પરત સંભાળી લીધેલ હોય તેવી મિલ્કતો જેવી કે પ્લોટ/શેડ/વાણિજય પ્લોટ/ આનુષાંગિક સુવિધાઓ જેવી કે પોસ્ટ ઓફિસ, બેંક, ગોડાઉન વગેરે મિલ્કતો નિગમ પાસે ફાળવણી માટે આજની તારીખે ઉપલબ્ધ હોય અને આવી મિલ્કતો નિગમ હસ્તક કર્યાના ત્રણ માસ ઉપરનો સમયગાળો થઈ ગયેલ હોય તો તેઓ આ નીતિ અંતર્ગત અરજી કરી શકશે.